# વિશ્વરૂપમ પર પ્રતિબંધ જારી

## સુપર સ્ટાર કમલ હસનને મોટો ફટકો : કેટલાક સીન કાઢવા તૈયારી છતાં વિવાદ

નવી દિલ્હી,તા. ૩૦

અભિનેતા કમલ હસને આજે કહ્યુ હતુ કે તેમની મહત્વકાંક્ષી ફિલ્મ વિશ્વરૂપમ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આ ચૂકાદાને પડકાર ફેંકીને તે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે. મદ્રાસ હાઈકોર્ટે આજે સિંગલ જજના ચુકાદાને ફગાવી દીધો હતો અને ફિલ્મ વિશ્વરૂપમ પર સરકારના પ્રતિબંધાત્મક આદેશો પર સ્ટે મૂકી દીધો હતો. આનો મતલબ એ થયો કે તમિળનાડુમાં આ ફિલ્મ કોઈ પણ જગ્યાએ રજુ થઈ શકશે નહીં. મદ્રાસ હાઈકોર્ટે પ્રતિબંધ યથાવત ઠેરવ્યો છે. અગાઉ દિવસમાં કમલ હસને હળવું વલણ અપનાવીને કહ્યુ હતુ કે તેઓ તેમની ફિલ્મ વિશ્વરૂપમમાંથી કેટલાક સીન કાપી નાંખવા માટે તૈયાર છે. કમલ હસને એમ પણ કહ્યુ હતુ કે મુસ્લિમ પરિવારના લોકો તેમનો સંપર્ક કરી રહ્યા છે. કુરાનના કેટલાક શબ્દોમાં કાપ મુકવાની પણ રજુઆત કરવામાં આવી ચુકી છે. કોંગ્રેસના નેતા જેએમ હારુન પણ આ સંબંધમાં રજુઆત કરી ચુક્યા છે. હારુનનું કહેવું છે કે અમે આ બાબતથી સંતુષ્ઠ છીએ કે ફિલ્મમાંથી કુરાનના શબ્દોને દૂર કરવામાં આવ્યા છે. કમલ હસને તરત જ આગળ આવીને કેટલાક વાંધાજનક સીનને દૂર કરવાની તૈયારી બતાવી હતી.



અભિનેતાએ કહ્યુ છે કે આ મુદ્દાને ઉકેલી લેવામાં આવ્યો છે. તેમનામાં અને તેમના મુસ્લિમ ભાઈઓ વચ્ચે કોઈ અંતર નથી. ચાહકો અને મુસ્લિમ મિત્રો તરફથી કેટલાક ચિંતાજનક સમાચાર સાંભળ્યા હોવાના કબૂલાત કમલ હસન દ્વારા કરવામાં આવી છે. મંગળવારી મોડી રાત્રે જસ્ટિસ કે વેંકટરામન તમિળનાડુ સરકારના પ્રતિબંધાત્મક આદેશ પર સ્ટે મુક્યો હતો. જેથી ફિલ્મની રજુઆત આડેનો માર્ગ મોકળો થયો હતો ત્યાર બાદ ટોચના સરકારી વકીલો કાર્યકારી ચીફ જસ્ટિસના આવાસ પર પહોંચ્યા હતા અને આજે તાકીદની અપીલ કરવા માટે પરવાનગી મેળવી લીધી હતી જ્યારે આ મામલો હાથ ધરવામાં આવ્યો ત્યારે જસ્ટિસ ધર્મારાવ અને જસ્ટિસ અરૂણાની બનેલી બેંચે કમલ હસનના વકીલો તેમના પ્રતિબંધાત્મક આદેશને પડકાર ફેંકી જિલ્લા કલેક્ટરો સમક્ષ રજુઆત કરી ચુક્યા છે કે કેમ તે બાબત જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી જ્યારે જવાબ નકારાત્મક આવ્યો ત્યારે કોર્ટે કહ્યુ હતુ કે અગાઉનો આદેશ વાજબી છે આની સાથે મદ્રાસ હાઈકોર્ટે પ્રતિબંધ યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટના ચુકાદા બાદ ફિલ્મ પર પ્રતિબંધ જારી રહેશે. આ પ્રતિબંધ છઠ્ઠી ફેબ્રુઆરી સુધી રહેશે. સોમવારના દિવસે આ મામલામાં વધુ સુનાવણી થશે જેમાં પ્રતિબંધ ઉઠશે કે કેમ તેને લઈને ચર્ચા કરાશે. વિવાદાસ્પદ ડાયલોગને દૂર કરવા માટે પણ કમલ હસને તૈયારી બતાવી છે.

### વિશ્વરૂપમ ફિલ્મને લઈને કમલ હસન ભાવનાશીલ

ફિલ્મ વિશ્વરૂપમને લઈને વિવાદ જારી છે ત્યારે ફિલ્મ રજુ ન થતા કમલ હસન ચિંતિત બનેલા છે. અભિનેતા અને નિર્માતા કમલ હસને આજે ભાવનાશીલ બનીને કહ્યુ હતુ કે તમિળનાડુ સરકાર ઈચ્છતી નથી કે તેઓ તમિળનાડુમાં રહે જેથી દેશ અથવા વિદેશમાં કોઈ યોગ્ય જગ્યાની શોધ તેઓ કરી શકે છે. તમિળનાડુને છોડીને કાશ્મીરથી લઈને કેરળ સુધી કોઈ અન્ય જગ્યા પર જવું પડી શકે છે. તમિળનાડુ સરકાર જોવા ઈચ્છુક નથી. તાજેતરમાં જ તેમની ફિલ્મને લઈને મુસ્લિમ સંગઠનો મેદાનમાં આવી ગયા છે. જો કે કમલ હસને કહ્યુ હતુ કે તેઓ તમિળ ફિલ્મો બનાવવાનું ચાલુ રાખશે. ભારત છોડી દેશે તો પણ માત્ર પાસપોર્ટ બદલાશે. ભાવનાઓ બદલાશે નહીં.

## ઉદ્ધવ અને રાજ હાથ મિલાવવાની તૈયારીમાં

મુંબઈ,તા. ૩૦

શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ આજે સંકેત આપ્યો હતો કે તેમના પિતરાઈ રાજઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે હાથ મિલાવવાનો તેમને કોઈ વાંધો નથી. આ શક્યતા રહેલી છે. ઉદ્ધવના આ પ્રકારના નિવેદનથી મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ગરમી આવી ગઈ છે. રાજ સાથે ગઠબંધન કરવા ઉદ્ધવે સાફ વાત કરી હતી. પિતરાઈ એક સાથે આવી શકે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ઉદ્ધવે કહ્યુ હતુ કે એક હાથે ક્યારેય તાળી વાગી શકે નહીં. સામનાના કારોબારી એડિટર અને પક્ષના સાંસદ સંજય રાવે પણ અગાઉ આ મુજબનો સંકેત આપ્યો છે. ઠાકરેએ કહ્યુ હતુ કે રાજ સાથે મતભેદો દફનાવી દેવાની શક્યતા રહેલી છે. મહત્વપૂર્ણ બાબત બે પક્ષો સાથે આવે તે છે. જો બંને પક્ષો ભેગા થશે તો હેતુ એક જ રહેશે. મુખ્ય હરીફ કોણ છે તે અંગે પુછવામાં આવતા તેમણે કોઈ વાત કરી ન હતી. અત્રે નોંધનીય છે કે સ્વર્ગસ્થ બાલ ઠાકરેએ ચાર દશક અગાઉ શિવસેનાની રચના કરી હતી. મરાઠી લોકોના અધિકારો માટે લડત ચલાવવા આની રચના કરવામાં આવી હતી. બીજીબાજુ રાજ ઠાકરે પણ મરાઠી લોકોના હિત માટે ઘણી વખત આક્રમક નિવેદન કરી ચુક્યા છે. ભાજપ સાથે શિવસેનાના ખૂબ જૂના સંબંધો છે.



## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને આજે તેમની ૬૫મી પુણ્યતિથિએ દેશે શ્રદ્ધાંજલિ આપી

### સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન થયુ : દેશભક્તિના ગીતો ગવાયા

નવી દિલ્હી,તા. ૩૦

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને આજે તેમની ૬૫મી પુણ્યતિથિએ દેશે શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમને યાદ કર્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તથા વડાપ્રધાન મનમોહનસિંહ અને અન્ય નેતાઓએ શ્રદ્ધાંજલિ આપવામાં દેશનું નેતૃત્વ કર્યુ હતુ. પ્રણવ મુખર્જી, ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારી અને વડાપ્રધાન મનમોહનસિંહ રાજઘાટ સ્થિત મહાત્માગાંધીના સ્માર્ક પર પહોંચ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની, ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદે, ભાજપના વરિષ્ઠ નેતાઓ લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ, ત્રણેય સેનાઓના વડાઓએ પણ રાષ્ટ્રપિતાના સ્મારક પર જઈને પુષ્પાંજલિ આપી હતી. દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષીત અનેક કેન્દ્રિય પ્રધાનો, જુદા જુદા પક્ષના નેતાઓ, જુદા જુદા ક્ષેત્રો સાથે જોડાયેલા લોકો પણ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. ૧૧ વાગ્યે રાજઘાટ પર સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. ભક્તિ સંગીતના કાર્યક્રમો પણ યોજાયા હતા. આ ગાળા દરમિયાન આશરે ૨૦૦ સ્કૂલી બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આજના દિવસે મહાત્મા ગાંધીની હત્યા કરી દેવામાં આવી હતી. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે રાષ્ટ્રપિતાની હત્યા કરી દેવામાં આવતા દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. નાથુરામ ગોડસે દ્વારા તેમને ગોળી મારવામાં આવી હતી. મહાત્મા ગાંધી સાંજની પ્રાર્થના માટે જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. ગાંધીજીને દેશના લોકો બાપુ તરીકે પણ બોલાવતા હતા. નવી દિલ્હીમાં આજથી ૬૫ વર્ષ અગાઉ મહાત્મા ગાંધીની હત્યા કરી દેવામાં આવી હતી. ગાંધીજીની હત્યાનું કાવતરું નાથુરામ ગોડસે દ્વારા અન્ય છની સાથે મળીને ઘડી કાઢવામાં આવ્યું હતું. ગાંધીજી અહિંસાના પૂજારી હતા. દેશના જુદા જુદા ભાગોમાં પણ આજે સર્વધર્મપ્રાર્થના સભાઓ યોજાઈ હતી અને દેશભક્તિના ગીતો ગવાયા હતા. આઝાદી વખતે વ્યાપક હિંસા ભડકી ઉઠી ત્યારે શાંતિ સ્થાપિત કરવામાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.



## શેરબજારમાં આજે કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. મૂડીરોકાણકારો અમેરિકી ફેડરલ રિઝર્વની નાણાંકીય નીતિના નિર્ણય પહેલા સાવધાન બની ગયા છે. આરબીઆઈએ ગઈકાલે તેની ત્રીજી ત્રિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરી હતી જેમાં રેપો રેટમાં અને સીઆરઆરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો પરંતુ તેની અસર શેરબજાર પર હકારાત્મકરીતે નોંધાઈ નથી. કારણ કે આરબીઆઈની પોલીસી સમીક્ષામાં ફુગાવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને સરકારે મહેસૂલી ખાદ્યને અંકુશમાં લેવા માટે પગલા લેવા જોઈએ.મુંબઈ સ્ટોક એક્સચેન્જના ૩૦ શેર સેન્સેક્સમાં ૧૪ પોઈન્ટનો સુધાર થયો હતો અને અંતે ૨૦૦૦૫ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટીમાં ૭ પોઈન્ટનો સુધાર થતા તેની સપાટી ૬૦૫૬ નોંધાઈ હતી.

પરિણામના વર્ષમાં ભારતી ઈન્ફ્રા ટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, પંજાબ નેશનલ બેંક, શોભા ડેવલરપર્સ, તાતા ગ્લોબલના પરિણામ આવતીકાલે ૩૧મી જાન્યુઆરીના દિવસે જાહેર કરવામાં આવનાર છે જેથી રોકાણકારોની નજર કંપનીઓના પરિણામો પર કેન્દ્રિત થઈ છે. એશિયન બજારમાં તેજી સાથે કારોબારની પૂર્ણાહૂતિ થઈ હતી. હોંગકોંગના હેંગસેંગમાં ૦.૭ ટકાનો સુધાર થતા તેની સપાટી ૨૩૮૨૨ નોંધાઈ હતી. જ્યારે તાઈવાન ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો સુધાર થતા તેની સપાટી ૭૮૩૨ નોંધાઈ હતી. આવી જ રીતે સિંગાપોરના સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૬૪ ટકાનો સુધાર થતા તેની સપાટી ૩૨૮૪ રહી હતી. ચીનના સંઘાઈ કમ્પોઝિટમાં એક ટકાનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૨૩૮૨ અને જાપાનના નિક્કીમાં ૨.૩ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૧૧૧૩ નોંધાઈ હતી. યુએસ ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠક બુધવારે પૂરી થઈ હતી. દરમિયાન યુરોપિયન બજારોમાં ફ્લેટરીતે કારોબારની શરૂઆત થઈ હતી.

### સૈનાએ માંગણીને સ્પષ્ટપણે ફગાવી

## જાતિ-ધર્મના આધારે યુનિટ ઊભી કરવા માંગ ફગાવાઈ

### ગુજરાત, કાલિંગા, દલીત, પાસવાન અથવા આદિવાસી રેજીમેન્ટ જેવી સિંગલ ક્લાસ યુનિટ ઊભી કરવા માંગ

નવી દિલ્હી,તા. ૩૦

સૈનાએ ગુજરાત, કાલિંગા, અહીર, પાસવાન અથવા આદિવાસી રેજીમેન્ટ જેવી નવી સિંગલ ક્લાસ યુનિટો ઊભી કરવા માટેની માંગણીને ફગાવી દીધી છે અને કહ્યું છે કે આ પ્રકારના પ્રયાસો બિલકુલ યોગ્ય નથી. સૈનાના વરિષ્ઠ અધિકારીએ આ અંગે માહિતી આપતા કહ્યું છે કે સ્વતંત્રતા બાદથી આ નીતિ ક્યારેય વિચારવામાં આવી નથી. વ્યક્તિગત વર્ગ, સમુદાય અથવા ધર્મના આધાર ઉપર કોઈ નવી રેજીમેન્ટ ઊભી કરવાની હિલચાલ ઉપર ચર્ચા થઈ નથી. ભારતીય સૈનામાં તમામ ભારતીયો પ્રતિનિધીત્વ કરે છે. સરંક્ષણ મંત્રાલય અને સૈના બંને આ મુજબનો સ્પષ્ટ મત ધરાવે છે. સશસ્ત્રદળો લઈને રાજકારણ રમવાથી નુકસાન થઈ શકે છે. ભારતીય સૈના બિનસાંપ્રદાયિક ફોર્સ તરીકે કામ કરે તે જરૂરી છે. વર્ષ ૨૦૦૫-૦૬માં સાચર કમીટિ દ્વારા કેટલીક દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે નવા સૂચન પણ કરવામાં આવ્યા હતા. પ્રજાસત્તાક દિવસની ઉજવણી હાલમાં જ કરવામાં આવી છે.


ઉપરાંત ૧૫મી જાન્યુઆરીના દિવસે સૈના દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. એ વખતે ભારતીય સૈનાની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૪૯માં ફિલ્ડ માર્શન કે એમ કારિઅપ્પા ભારતીય સૈનાના પ્રથમ વડા બન્યા હતા. ત્યારબાદથી ૧.૧૩ મિલિયનનું સંખ્યાબળ ધરાવતી ભારતીય સૈના કોઈપણ પડકારને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. શીખ, ગોરખા, ડોગરા, ગડવાલ, જાટ જેવી સિંગલ ક્લાસ રેજીમેન્ટનું અસ્તિત્વ રહેલુંછે. લોકો હવે અન્ય રેજીમેન્ટની માંગ કરી રહ્યા છે જેમાં દલીત રેજીમેન્ટ, ગુજરાત રેજીમેન્ટનો સમાવેશ થાય છે. એલજેપીના નેતા પાસવાને દલીત રેજીમેન્ટની માંગ કરી હતી જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા ગુજરાત રેજીમેન્ટની રજૂઆત કરી હતી. ચોક્કસ સમુદાયના વર્ગીકરણના આધાર ઉપર રાજ દરમિયાન સિંગલ ક્લાસ અથવા તો પ્યોર રેજીમેન્ટ ઊભી કરવામાં આવી હતી.

૧૯૪૭ બાદ ભારતે જાતિ અથવા સમુદાય આધારિત યુનિટોને જારી રાખવાનો નિર્ણય કર્યો હતો. સૈનામાં જુદા જુદા યુનિટો છે. દાખલા તરીકે ચાર ગ્રેનેડીયલમાં બે જાટ કંપનીઓ, એક મુસ્લિમ કંપની અને એક ડોગરા કંપની છે. આવી જ રીતે રાજપૂતાના રાઈફલમાં રાજપૂત અને જાટ સમુદાયનું મિશ્રણ છે. જ્યારે રાજપૂત રેજીમેન્ટ મુખ્ય રીતે રાજપૂત અને ગુર્જર લોકો ધરાવે છે.

## લેખક સલમાન રશ્દીનો કોલકત્તાનો પ્રવાસ રદ

કોલકત્તા, તા.૩૦

સુરક્ષા અને સલામતીના કારણોસર વિવાદીત લેખક સલમાન રશ્દીની કોલકત્તા યાત્રા રદ કરી દેવામાં આવી છે. પોતાની નવલકથા પર આધારિત દીપા મહેતાની ફિલ્મ મિડનાઈટ્સ ચિલ્ડ્રેનના પ્રચાર માટે રશ્દી કોલકત્તા આવવાના હતા. ફિલ્મ સાથે સંકળાયેલ એક સૂત્રએ કહ્યું હતું કે, તેમણે પત્રકાર પરિષદ અને રશ્દીને લઈને ફિલ્મના પ્રચારનો કાર્યક્રમ બનાવ્યો હતો. પરંતુ તેમને સુરક્ષા સંબાંધિત મુશ્કેલીઓને કારણે અંતિમ સમયે પ્રવાસ રદ કરવા મજબૂર બનવું પડ્યું છે. સંયુક્ત પોલીસ કમિશનર (મુખ્યાલય)ના જાવેદ શમીએ જો કે કહ્યું હતું કે, રશ્દીના શહેર આગમન સંબાંધિત અમારી પાસે આગોતરી કોઈ માહિતી ન હતી. અમને આ અંગે કોઈ જાણકારી નથી. નિર્દેશીકા દીપા મહેતા અને અભિનેતા રાહુલ બોસ સાથે લેખક સલમાન રશ્દી કોલકત્તાનો સંયુક્ત પ્રવાસ કરવાના હતા. સૂત્રોના જણાવ્યા પછી દીપા મહેતાએ પણ શહેરનો પ્રવાસ રદ કરી દીધો છે. જ્યાં તેને કોલકત્તા પુસ્તક મેળામાં આયોજીત દ્વિતીય કોલકત્તા સાહિત્ય સંમેલનમાં એક ચર્ચામાં ભાગ લેવાના હતા. આ દરમ્યાન રશ્દીના શહેરમાં આવવાના અનુમાન કરી વિવિધ મુસ્લીમ સંગઠનોના મુસ્લીમ કાર્યકરો મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શન કરવા કોલકત્તા વિમાની મથકે પહોંચ્યા હતા. વિમાની મથક પોલીસે કહ્યું હતું કે, સેતાનિક વર્સિજના લેખત કોલકત્તા આવી રહ્યા નથી. ત્યારપછી પ્રદર્શનકારીઓ ત્યાંથી રવાના થઈ ગયા હતા.



## સમાચાર ઝલક

- જામનગરમાં વધુ એક મંદિરમાં ચોરી.
- મેં કહ્યું નથી કે ભારત અસુરક્ષિત છે : શાહરૂખ ખાન
- અમદાવાદ મણીનગરમાં ૫૦ બાઇક ચોરનાર ઝડપાયો.
- દાંતાના દરેડા ગામે રીંછનો યુવક પર હિંસક હુમલો.
- ડીઝલ અને રાંધણ ગેસના ભાવમાં ઘટાડો કરવા પ્રયત્નો.
- શારીરિક અક્ષમ લોકોને નોકરીમાં ૫% અનામત રખાશે.
- સોમનાથમાં ભેદી ધડાકા સાથે જમીન ધ્રુજી.
- લકઝારીયર્સ 'કોટેચ અને નૌકા' કુંભમાં ધનાઢ્યોને 'મોક્ષ'ઓફિસ.
- રાષ્ટ્રીય સંઘના વડા મોહન ભાગવતે જામગનર રાજકોટની મુલાકાત લીધી.
- ઓસ્ટ્રેલિયામાં ભયાનક પૂર પરિસ્થિતિ.
- ગુજરાતમાં સૌથી વધારે ડાયાબિટીસના દર્દીઓ : ડો. સત્યમ્
- ધનાઢ્યોની વ્યાખ્યા નક્કી! ૫૦ લાખની આવક પર ૪૦ % ટકા ટેક્ષ લાગશે.
- ઉત્તર કોરીયામાં ભૂખમરો, લોકો પોતાના સંતાનોની હત્યા કરે છે.
- બોલીવુડમાં નવો રેકોર્ડ સર્જતી 'હીરોઇન' કરીના કપૂર એડ.કમાણી જ રૂા. ૫૦ કરોડ.
- જૂનાગઢના ભીંડોરામા હત્યા કેસમાં ૧૨ શખ્સોને આજીવન કેદ
- મધ્યપ્રદેશના એક ગામમાં વિચિત્ર પ્રથા, જયાં એક પત્નીના અનેક પતિદેવ.
- થેલેસેમિયાના દર્દીઓને લાભાર્થે રોટરી કલબ અમદાવાદ દ્વારા નીતિન-મુકેશ નાઇટ આયોજન.
- ભારત વિશ્વભરમાં કુશળ કામદારો ઉપલબ્ધ કરાવે છે.

### ૨૦૧૩માં વેતનમાં ૧૦-૧૫ ટકાનો વધારો થઈ શકે

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા છતાં મોટાભાગની ભારતીય કંપનીઓ વર્ષ ૨૦૧૩માં તેમના કર્મચારીઓના વેતનમાં વધારો કરવાની તૈયારીમાં છે. ઓન લાઈન જોબ પોર્ટલ દ્વારા કરવામાં આવેલા સર્વેના તારણમાં જણાવવામાં આવ્યું છે કે પગાર વધારો આ વર્ષે ૧૦-૧૫ ટકાની આસપાસ રહી શકે છે.

ભારતીય કંપનીઓ માટે ભરતીના ચિત્ર અંગે તેના તારણમાં નોકરી ડોટ કોમે જણાવ્યું છે કે આશરે ૬૮ ટકા કંપનીઓનું કહેવું છે કે તેઓ આ વર્ષે તેમના કર્મચારીઓની સંખ્યામાં વધારો કરશે જો કે આર્થિક મંદીના માહોલમાં સાવધારીપૂર્વકનું વલણ અપનાવશે. સર્વેમાં જણાવાયુ છે કે ૪૦ ટકા જેટલી કંપનીઓ પગારમાં ૧૦-૧૫ ટકાનો વધારો કરશે.

## વર્મા કમિટીની ભલામણ પર ટૂંકમાં વિચારણા : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન મનમોહનસિંહે આજે જસ્ટિસ જેએસ વર્માને એક પત્ર લખ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું છે કે સરકાર મહિલાઓ સામે બની રહેલા ગુનાઓને લઈને ગંભીર છે. મહિલાઓ સામે ગુનાઓને રોકવા માટે કાયદાઓમાં ફેરફારને લઈને વર્મા કમિટીની ભલામણો પર વહેલી તકે વિચારણા કરવામાં આવશે. જસ્ટિસ વર્માની પ્રશંસા કરતા વડાપ્રધાને પત્રમાં લખ્યુ છે કે મહિલાઓ સામે હિંસાની સામે કાયદામાં ફેરફાર કરવા માટે બનાવવામાં આવેલી કમિટીએ પોતાનો અહેવાલ ૩૦ દિવસની અંદર રજુ કરીનો પોતાની કટિબદ્ધતા દર્શાવી છે. અલબત્ત ગૃહ મંત્રાલય દ્વારા સૂચિત સુધારાઓને સંસદમાં રજુ કરવા માટે હજુ સુધી કોઈ સમય નક્કી કર્યો નથી. અત્રે નોંધનીય છે કે વર્મા કમિટીએ બળાત્કાર માટે સજા વધારીને ૨૦ વર્ષ સુધી કરી દેવા અને સામુહિક બળાત્કાર માટે આજીવન કારાવાસની સજાની ભલામણ કરી છે. સમિતિએ તાજેતરમાં સરકારને પોતાનો ૬૩૦ પાનાનો અહેવાલ સોંપી દીધો હતો. આમા બળાત્કારીઓ માટે વધુ કઠોર જોગવાઈ માટે અપરાધિક કાયદાઓમાં સુધારાની ભલામણ કરવામાં આવી છે. દિલ્હીમાં ૨૩ વર્ષિય પેરા મેડિકલની વિદ્યાર્થિની સામુહિક બળાત્કારનો શિકાર થયા બાદ તેનું મોત થયુ હતુ. બળાત્કારના સપ્તાહ બાદ ૨૩મી ડિસેમ્બરના દિવસે ત્રણ સભ્યોની સમિતિની રચના કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. ગૃહ મંત્રાલય દ્વારા હાલમાં આ ભલામણ પર અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે જે કાંઈ પણ ભલામણ કરવામાં આવી છે તેમાં ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. જે ભલામણ યોગ્ય દેખાશે તે ભલામણોમાં સ્થાયી સમિતિનો વિચારણા માટે મોકલવામાં આવશે. ભાજપના નેતા એમ વેંકૈયા નાયડુના નેતૃત્વમાં સ્થાયી સમિતિ ગયા સપ્તાહમાં ગૃહ મંત્રાલયને અપીલ કરી હતી કે વર્મા કમિટીના અહેવાલનો આપવામાં આવે કારણ કે ભલામણોમાં તેઓ અભ્યાસ કરવા માંગે છે. અપરાધિક કાયદા સુધારા બિલમાં નવી ભલામણોને સામેલ કરી શકાય છે કે કેમ તેમાં અભ્યાસ કરવાની જરૂર છે.

### સિંહ સામે ફરિયાદની સુનાવણીનો ઈન્કાર

દિલ્હીની કોર્ટે ટુજી કૌભાંડમાં ભૂમિકા બદલ વડાપ્રધાન મનમોહનસિંહ અને ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન દયાનિધિ મારન સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી ચલાવવાનો આજે સાફ ઈન્કાર કરી દીધો હતો.

સ્પેશિયલ જજ સંગીતા ઢીંગરા સહિગલે કહ્યુ હતુ કે ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડ સાથે સંબંધિત વર્તમાન ફરિયાદ ટકી શકે તેવી નથી. આના પર સુનાવણી કરવી યોગ્ય નથી. આરટીઆઈના કાર્યકર વિવેદ ગર્ગ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ અંગે ચુકાદો આપતા કોર્ટે કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ અને મારને ખૂબ ઉદાસિનતા દાખવી હતી જેથી ટુજી કૌભાંડ જેવું મોટુ પ્રકરણ થયુ હતુ અને તિજોરીને જંગી નુકસાન થયુ હતુ.